તાત્કાલિક /સમય મર્યાદા

ક્રમાંક :– અનદ–૧/ધ/માધ્ય/૨૦૧૬/ 3535-56
કમિશ્નર, શાળાઓની કચેરી,
બ્લોક નં. ૯/૧ , ડો. જી. મ.ભવન,
ગુ.રા.ગાંધીનગર તા. ૫–૩–૨૦૧૬

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ

વિષય :– બિન સરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ભરતી કરવા અંગે.

ઉપરોકત વિષય ના અનુસંધાનમાં જણાવવાનુ કે બિન સરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં છેલ્લા કેટલાય સમયથી કોર્ટ મેટરના કારણોસર ભરતી ની કાર્યવાહી સ્થગિત થયેલ છે અને તેથી રાજયની બિન સરકારી માધ્યમિક અને ઉ.મા.શાળાઓમાં શિક્ષકોની ભરતી થઈ શકેલ નથી અને તેથી વિદ્યાર્થીઓના શૈક્ષણિક કાર્ય ઉપર અસર પડી રહેલ છે. જે નિવારી શકાય તે માટે તાત્કાલિક ભરતી કરવા માટેની કાર્યવાહી કરવી ખુબ જ જરૂરી હોઈ આપના જીલ્લાની બિન સરકારી અનુદાનિત માધ્યમિક વિભાગની તા. ૩૧–૫–૨૦૧૬ ની સ્થિતિએ ચોખ્ખી ખાલી જગ્યાની માહિતી હાર્ડકોપી / સોફટ કોપી ( સી.ડી.) તારીખ ૧૧–૩–૨૦૧૬ ના રોજ ના કામ કરતા કર્મચારી સાથે ૧૧–૦૦ કલાકે આ કચેરીએ મોકલી આપશો. જે અંગે નીચે મુજબની સુચનાનુ ચૂસ્ત પણે પાલન કરવાનુ રહેશે અન્યથા આ અંગેની તમામ જવાબદારી આપશ્રીની અંગત રહેશે તેની સ્પષ્ટ નોંધ લેશો.

૧. રોસ્ટર રજી.પ્રમાણિત કરાવેલ હોય તે શાળાની જ ચોખ્ખી જગ્યાની માહિતી આપવી. જે શાળાના રોસ્ટર રજીસ્ટર પ્રમાણિત થયેલ નથી તે શાળાની ખાલી જગ્યાની માહિતી મોકલવી નહી જેની સ્પષ્ટ નોંધ લેવી. જે શાળાની ખાલી જગ્યાની માહિતી આપેલ છે તે શાળાના રોસ્ટર રજીસ્ટર પ્રમાણિત કરાવેલ છે તેવુ જિ.શિ.અધિ.શ્રીએ પ્રમાણપત્ર આપવાનુ રહેશે.

૨. નિયમિત ભરતીમાં કોઈ પ્રશ્ન ઉભો ન થાય તે હેતુથી આ અગાઉની ઉ.મા.વિભાગની ભરતીમાં ભરતી માટે અરજદારશ્રીઓ દવારા જે કોર્ટ મેટર કરવામાં આવેલ છે અને જે શાળાઓને પાર્ટી બનાવેલ છે તેવી શાળાઓની ખાલી જગ્યાની માહિતી અલગથી આપવાની રહેશે .

૩. મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ દવારા જે વિષયની ટાટ ની પરીક્ષા લીધેલ હોય અને વિષય તરીકે માન્યતા આપેલ હોય તે વિષયની ભરતી કરવા માટે જીલ્લાની શાળાની ચોખ્ખી ખાલી જગ્યાની માહિતી આપવાની છે. ટાટ ની પરીક્ષા લીધેલ છે તે સિવાયના વિષયની માહિતી આપવી નહી અને કોઈ શાળા રજૂ કરે તો આપની કક્ષાએથી પરત કરશો.

૪. બિન સરકારી અનુદાનિત શાળાની જુના શિક્ષક અને શિક્ષણ સહાયકની ચોખ્ખી ખાલી જગ્યાની માહિતી અલગ અલગ આપવી.

૫. જે કોલમમાં માહિતી માંગી છે તે કોલમમાં જ માહિતી આપવી. વધારાના કોલમ ઉમેરવા નહી

૬. આ માહિતી **EXCEL** શીટમાં અંગ્રેજીમાં **Times New Roman** તૈયાર કરી આપવી.એટલે કે એક સત્રતા જળવાઈ રહે તે માટે તમામ માહિતી અંગ્રેજી ભાષામાં જ આપવાની રહેશે.

૮. સ્ત્રી અનામતની જગ્યા હોય ત્યાં સ્પષ્ટ સ્ત્રી અનામત દર્શાવવી.

૯ આ માહિતી તા. ૩૧–૫–૨૦૧૬ ની સ્થિતિએ ખાલી જગ્યાની માહિતી આપવાની રહેશે.

૧૦. વિષયવાર અલગ અલગ પત્રક બનાવી માહિતી તૈયાર કરી લાવવાની રહેશે.

૧૧. જિલ્લાની કુલ વિષયવાર ખાલી જગ્યા અને તે પૈકી અનામતની કેટેગરી (SC,ST,SEBC,GEN, PH, LADIES ] ની માહિતી આડા ઉભા સરવાળા અને ચકાસણી કરીને લાવવાની રહેશે.

૧૨. ગુજરાતી અને અંગ્રેજી માધ્યમવાર અલગ અલગ માહિતી આપવી.

૧૩. સરકારશ્રીના સ્થાઈ ઠરાવોની જોગવાઈ અનુંસાર શારીરિક અપંગતા માટે અનામત રાખેલ જગ્યામાં કયા પ્રકારની અપંગતાની કેટેગરી માટે જગ્યા અનામત રાખવાની છે તે સ્પષ્ટ દર્શાવવું.

૧૪. આપના જીલ્લાની જે શાળાઓના રોસ્ટર રજીસ્ટર પ્રમાણિત કરાવેલ છે તે શાળાઓની માહિતી આપવી અને રોસ્ટર રજીસ્ટર પ્રમાણિત કરાવેલ કોઈ શાળા માહિતી રહી ન જાય તેની ખાસ કાળજી લેશો. રોસ્ટર રજીસ્ટર પ્રમાણિત કરાવેલ કોઈ શાળાની ખાલી જગ્યાની માહિતી આપવાની બાકી રહેતી નથી તેવુ સ્પષ્ટ પ્રમાણપત્ર આપવાનુ રહેશે.

૧૫. આ સાથે માહિતી પત્રકો સામેલ છે તે જ ફોર્મેટમાં માહિતી તૈયાર કરી લાવવાની રહેશે.

૧૬. આ અગાઉની ભરતીમાં જિલ્લાની કચેરી દવારા જે વિષયની જગ્યા દર્શાવવામાં આવેલ હતી તે જ જગ્યા ભરતી બોર્ડ દવારા ઓન લાઈન મુકવામાં આવેલ હતી. પરંતુ જયારે ઉમેદવાર તે જગ્યા ની પસંદગી કરે છે ત્યારે જિલ્લાની કચેરી દવારા આ શાળામાં જગ્યા ખાલી નથી તેવુ જણાવવામાં આવે છે અને તેના કારણે ખોટા કોર્ટ કેસ ઉભા થયેલ છે અને આનુષાંગિક અનેકવિધ પ્રશ્નો ઉપસ્થિત થયેલ છે આવી ભૂલ આ સમયની માહિતી આપવામાં ન થાય તેની ખાસ કાળજી રાખશો. આ પ્રકારની ક્ષતિ માટે સંબંધિત સામે શિસ્તવિષયક કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

૧૭. ધોરણ-૮ અપરપ્રાથમિકમાં જવાના કારણે ફાજલ થયેલ શિક્ષકોને માતૃ સંસ્થામાં રિકોલ કરવાના થતા હોય તેવી જગ્યાનો સમાવેશ કરવો નહી.

(ઈ.પી.દેસાઈ)
સયુંકત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા.ગાંધીનગર

બીડાણ :- વિષયવાર અને કેટેગરી વાઈઝ પત્રક

નકલ જયભારત સહ રવાના જાણ થવા સારુ.....

૩૯૧

૧. માનનીય આયુકતશ્રીના અંગત સચિવશ્રી, સદર કચેરી , માનનીય આયુકતશ્રીના માયાળુ ધ્યાને મુકવા સારુ....

નં/મા.શિ/ગા.વિ/ખાલી/૫/૨૦